# કાયદાનું શિક્ષણ સુધારવા તજજ્ઞોનું બ્રેન સ્ટોર્મિંગ

## GNLUમાં લૉના ડીનની મીટિંગ યોજાઈ



LAW EDUCATION

સિટી રિપોર્ટર . અમદાવાદ

ગુજરાત લૉ ડીન ફોરમની પહેલી મીટિંગ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. જેમાં સમગ્ર ગુજરાતમાંથી જુદી-જુદી લૉ કોલેજ અને યુનિવર્સિટીના ડીને ભાગ લીધો હતો. કાયદાની વ્યવસ્થા અને કાયદાના શિક્ષણનું સ્તર રાજ્યમાં કેવી રીતે વધારી અને ગુણવત્તા સભર બનાવી શકાય તે વિશે કાયદાના નિષ્ણાતો વચ્ચે ચર્ચા થઈ હતી. ચર્ચાના અંતે ઘણા સૂચનો પણ તૈયાર કરવામાં આવ્યા હતા. આ મીટિંગમાં રાજ્યમાં કાયદાના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ચર્ચા-વિચારણા થઈ હતી.

ડીન મીટિંગમાં જીએનએલયુના ડાયરેક્ટર સાંથા કુમારે કહ્યું કે, 'ગુજરાત સરકારે ગુજરાત લિગલ એજ્યુકેશન પ્રોજેક્ટ હેઠળ રાજ્યમાં કાયદાના શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી જીએનએલયુની નોડલ એજન્સી તરીકે નિમણુક કરી છે. હવે આ કાયદાના શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પરસ્પર વિચાર-વિમર્શ કરવા માટે કાયદાનું શિક્ષણ આપતી સંસ્થાઓને એક પ્લેટફોર્મ પર લાવવા માટે આ ફોરમની રચના કરવામાં આવી છે'.

### મીટિંગમાં આ વિષયો ઉપર ચર્ચા કરાઈ

- અધ્યાપકોની ગુણવત્તા સુધારવા માટે લૉ ટીચિંગ ડિપ્લોમાં કોર્સ દાખલ કરવો.
- કન્ટેમ્પરરી જરૂરી એવા વિષયોને ઓડિટ કોર્સ તરીકે ભણાવવા જોઈએ.
- કાયદાના ક્ષેત્રે કરિયર બને તે અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતતા ફેલાવવી.

Scanned by CamScanner